**મહે. સુરતના પ્રિન્સીપાલ ડિસ્ટ્રીક્ટ જજ અને**

**મોટર એક્સીડન્ટ ક્લેઈમ(મેઈન) સાહેબની કોર્ટમાં, સુરત.**

*** એવોર્ડ ***

**મોટર એક્સીડન્ટ ક્લેઈમ પીટીશન નં. ૨૮૮/૨૦૨૨**

**આંક–૨૪**

અરજદારઃ જીગ્નેશભાઈ અર્જુનભાઈ ટેલર,
ઉ.આ.વ. ૩૫, ધંધો– નોકરી,
રહે. ગામ–સરસ, તા. ઓલપાડ, જી. સુરત.

**અરજદારો નાં વિદ્વાન વકીલ શ્રી જે.કે.મકવાણા**

**વિરૂધ્ધ**

સામાવાળાઃ ૧. કમલેશભાઈ જીવણભાઈ ઉર્ફે ખંડુભાઈ પટેલ,
ઉ.આ.વ. પુખ્ત, ધંધો–વેપાર,
રહે. ઈશનપોર ગામ, માસમા ફળીયુ, તા. ઓલપાડ, સુરત

૨. આઈ.સી.આઈ.સી.આઈ. લોમ્બા ઈન્સ્યુરન્સ કાું.
ઠે. સાસુજી હોટલની ઉપર, જુના આર.ટી.ઓની પાસે,
રીંગ રોડ, સુરત.

**સામાવાળા નં. ૧ નાં વિદ્વાન વકીલ શ્રી જે.બી.પટેલ**

**સામાવાળા નં.૨ ના વિદ્વાન વકીલશ્રી એ.એ.દલાલ**

**અરજી દાખલ તારીખઃ ૨૭/૦૬/૨૦૨૨**

**અરજી નિકાલ તારીખઃ ૦૯/૦૯/૨૦૨૩**

**મોટર વ્હીકલ એક્ટ સેક્શન–૧૬૬ હેઠળ**

**રૂપિયા ૪,૦૦,૦૦૦/– નું વળતર મેળવવા અંગેની અરજી.**

**અરજદારની અરજ એવી છે કે,**

તા.૧૧/૦૧/૨૦૨૨ નાં રોજ ૧૮–૩૦ વાગ્યાનાં સુમારે અરજદાર જીગ્નેશભાઈ અર્જુનભાઈ ટેલર, તેઓની મોટર સાયકલ નં. જી.જે.–૦૫–એફ.એન.–૩૮૧૯ ની ચલાવીને સરસ ગામે ઓલપાડથી સરસ જતા રોડ ઉપરથી રસ્તાની ડાબી બાજુએ ધીમી ગતિએ પસાર

થતા હતા. ત્યારે આ કામનાં સામાવાળા નં.૧, એ પોતાની માલિકીની ઓમની કાર નં. જી.જે–૦૫–જે.એફ.–૮૫૩૪ અત્યંત પુરઝડપે, બેદરકારીપુર્વક, ટ્રાફિકનાં નિયમોનું ઉલ્લંઘન કરીને, માનવ જીંદગી જોકમાય તેવી ગફલતભરી રીતે પાછળથી હંકારી લાવી, સદર મોટર સાયકલને જોશભેર ટક્કર મારી દીધેલી. જેનાં કારણે અરજદાર રસ્તા ઉપર જોશભેર પટકાઈ ગયેલા. જેથી તેઓને જમણા ખભામાં તથા શરીરનાં અન્ય ભાગોમાં ગંભીર ઈજા થયેલી. આથી તેઓને તાત્કાલીક સારવાર માટે સુરતની શેલ્બી હોસ્પિટલમાં અંદરનાં દર્દી તરીકે દાખલ કરેલા. મજકૂર બનાવ અંગે ઓલપાડ પોલીસ સ્ટેશનમાં ફર્સ્ટ ગુના રજીસ્ટર નં. ૧૧૨૧૪૦૪૨૨૨૦૦૩૧/૨૦૨૧ થી ગુનો નોંધાયેલ છે. જેના વળતર પેટે રૂપિયા ૪,૦૦,૦૦૦/– અંકે રૂપિયા ચાર લાખ પુરા મેળવવા માટે આ અરજી કરેલ છે. અરજદારે હાલની વળતર અરજી નાદારીમાં દાખલ કરેલ છે.

આજ તારીખ ૦૯ મી માહે સપ્ટેમ્બર સને ૨૦૨૩ ના રોજ સુરતના પ્રિન્સીપાલ ડિસ્ટ્રીક્ટ જજ અને મોટર એક્સીડન્ટ ક્લેઈમ ટ્રીબ્યુનલ (મેઈન) શ્રી વિમલ કે. વ્યાસ સાહેબ રૂબરૂ અરજદાર તરફે વકીલશ્રી જે.કે.મકવાણા, સામાવાળા નં.૨ નાં વિ.વ.શ્રી એ.એ.દલાલની હાજરીમાં આખરી નિકાલ માટે કાયમી લોકઅદાલતમાં નીકળ્યા ઉપરથી કરારદાદ **આંક–૨૩** ઉપરથી તા.૦૯/૦૯/૨૦૨૩ ના રોજના હુકમ મુજબ એવો હુકમ કરવામાં આવે છે કે,

અરજીવાળા અકસ્માત બદલ ચુકવણી માટે સામાવાળા નં.૨ ને આથી એવો હુકમ કરવામાં આવે છે કે, રૂપીયા ૬,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા છ લાખ પુરા) ની રકમ ટ્રીબ્યુનલમાં જમા કરાવવાની રહેશે.

સદરહું અકસ્માત બદલ સામાવાળા નં.૨ એકમતે, એક જુથે રૂ. ૬,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા છ લાખ પુરા) અરજદારને સાથે ચુકવે અને આ રીતે ઉપર મુજબ નક્કી થયેલી રકમની ચુકવણીથી સામાવાળા નં.૨ પોતાના આ ક્લેઈમ અંગેની જવાબદારીમાંથી સંપૂર્ણ મુક્ત થયેલા ગણવાના છે. ઉપરોક્ત રકમમાંથી અરજદારને વચગાળાની રકમ ચુકવેલ હોય, તો તે રકમ વ્યાજ સહીત બાદ કરવાની રહેશે.

સદર આ રકમની ચુકવણી થયેથી આ ક્લેઈમ અંગેની જવાબદારીમાંથી સામાવાળા નં. ૧ થી ૨ સંપૂર્ણપણે મુક્ત થયેલા ગણાશે. આ કામમાં જોડાયેલા અરજદારો સિવાય બીજા કોઈનું હિત નથી.

સદરહું રકમ સામાવાળા નં.૨ નાએ એવોર્ડ સર્ટીફાઈડ કોપી મેળવ્યાની તારીખથી છ માસમાં ટ્રીબ્યુનલમાં જમા કરાવવી. જો એ પ્રમાણે જમા કરાવે નહીં તો ઉપરોક્ત રકમ આજની તારીખથી -- ટકાના વ્યાજ સહીત ચુકવવાની રહેશે.

લીગલ સર્વિસ ઓથોરીટી એક્ટ-૧૯૮૭ની કલમ ૨૧ મુજબ જ્યારે લોક અદાલતમાં કલમ ૨૦(૧) હેઠળ મુકેલ કેસોમાં સમાધાન અથવા સેટલમેન્ટ થયેલ હોય ત્યારે એવા કેસોમાં કોર્ટ ફી એક્ટ ૧૮૭૦ હેઠળ ચુકવેલ કોર્ટ ફી રીફંડ કરવાની રહેશે.

કોર્ટ ફી એક્ટ-૧૮૭૦ ની કલમ ૧૬ ની જોગવાઈ મુજબ જ્યારે દાવાવાળા પક્ષકારોને સિવિલ પ્રોસીજર કોડ ૧૯૦૮ની કલમ ૮૯ માં કરેલ કોઈપણ રીટની તકરારની સમાધાન માટે રીફર કરે ત્યારે અરજદાર એવા દાવામાં ભરેલ કોર્ટ ફીની પુરેપુરી રકમ કલેક્ટર પાસેથી લેવા માટે કોર્ટમાંથી પ્રમાણપત્ર લેવાને હકદાર રહેશ. આથી આવા કેસોમાં કોર્ટ ફી વસુલાત કરવાની જરૂરીયાત રહેતી નથી, અને જો કોઈ કોર્ટ ફીની રકમ જમા કરાવેલ હોય તો અરજદાર તે કોર્ટ ફીની રકમ પરત મેળવવાને હકદાર રહેશે.

**ORDER BELOW Exh. 1 IN M. A. C. P. No. 81/2021**

[1] The compromise pursis is produced today in this Lok Adalat by the claimant/Ld. Advocate for the claimant and the Ld. Advocate for the Insurance Company, which was read over and explained to them. They admitted the same and hence the same is recorded. Award be drawn up in terms of the Compromise.

[2] Upon deposit of the amount before the Nazir of this Tribunal, it is hereby directed that the amount of medical bills of Rs. 3,28,000/- be paid to the claimant by A/c Payee Cheque and out of the remaining amount, 50% amount be deposited in FDR for a period of 5 years in any Nationalized Bank of the choice of the claimant as per the usual terms and conditions and 50% amount be paid to the claimant by A/c Payee Cheque after due verification.

[3] As the matter is compromised between the parties, the Court fee amount, if any, be refunded.

The Insurance Company is directed to deposit the Award amount as per the direction given by the Hon'ble Supreme Court in Writ Petition(s) (Civil) No.534/2020 through RTGs or NEFT mode in the account of Additional District Judge, Surat the details of accounts are as under :-

| | | |
|---|---|---|
| Branch | : | State Bank of India,<br>Nanpura Branch, Surat |
| A/c Name | : | Additional District Judge, Surat |
| A/c. No. | : | 40750729019 |
| IFSC | : | SBIN0001388 |
| MICR | : | 395002004 |

After deposited the awarded amount in this account, the insurance company shall inform and send the copy of said bank advice to the MACP Tribunal through email ID No.dcourt-mact-sut@gujarat.gov.in.

The Applicants shall provide the details of PAN Card, Aadhar Card and Saving Bank Account for transfer of compensation as per the direction given by the Hon'ble Supreme Court in Writ Petition(s) (Civil) No.534/2020.

The conditions as regards the F.D.R. will be made at the time of withdrawal of amount.

સદર કામમાં રૂ.૩,૨૮,૦૦૦/– નાં અસલ મેડીકલ બિલો વીમા કંપનીમાં જમા કરાવેલ છે.

ખર્ચ સબંધી કોઈ હુકમ કરવામાં આવતો નથી.

અરજદારે હાલની વળતર અરજી નાદારીમાં દાખલ કરેલ છે.

આજ તારીખ ૧૧ મી માહે સપ્ટેમ્બર સને ૨૦૨૩ ના રોજ મારી સહી તથા કોર્ટના સીક્કા સાથે આપ્યું.

| | | |
|---|---|---|
| (આસીસ્ટન્ટ)<br>ડીસ્ટ્રીક્ટ કોર્ટ,<br>સુરત | (ડે.રજીસ્ટ્રાર)<br>એમ.એ.સી.ટી.બ્રાન્ચ,<br>ડીસ્ટ્રીક્ટ કોર્ટ, સુરત | (**વિમલ કે. વ્યાસ**)<br>એમ.એ.સી.ટી.(મેઈન) અને<br>પ્રિન્સીપાલ ડિસ્ટ્રીક્ટ જજ,<br>સુરત. |

અરજદારના વકીલશ્રી જે.કે.મકવાણા
સામાવાળા નં. ૧ નાં વિદ્વાન વકીલ શ્રી જે.બી.પટેલ
સામાવાળા નં. ૨ નાં વકીલ શ્રી એ.એ.દલાલ

(આ મુકદમાના પક્ષકારોને એવી ચેતવણી આપવામાં આવે છે કે, તેઓએ રજુ કરેલા દસ્તાવેજો માહેથી અપીલનો નિકાલ થયા પછી, કોઈપણ દસ્તાવેજ લઈ જવામાં નહી આવે તો તે (દસ્તાવેજ) નાશ કરવાને પાત્ર ગણાશે.)